# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-03-2024** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.**

---

- ચૂંટણી પંચ દ્વારા આગામી લોકસભા – વિધાનસભા ચૂંટણીઓની તૈયારીઓ વેગવાન બનાવાઇ – તમામ રાજકીય પક્ષો સાથે બેઠક યોજી આચારસંહિતાના કડક પાલન માટે માર્ગદર્શિકા અપાઇ.
- **ગુજરાતનું સૌથી મોટું પાસપોર્ટ સેવા કેન્દ્ર અમદાવાદ ખાતે શરૂ થશે.**
- રાજયના વિવિધ જીલ્લાઓમાં ડૂબી જવાની ઘટનાઓમાં પાંચ યુવાનોના મોત થયા છે.
- રાજયભરમાં હોળી – ધૂળેટી પર્વની ધાર્મિક આસ્થા હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઇ.
- સંસ્કાર ભારતી દ્વારા આગામી દિવસોમાં ભાવનગરમાં લોકગીત, ભજનો, શાસ્ત્રીય- સુગમગીતોની સ્પર્ધાઓ યોજાશે

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJARAT STATE PROFILE-1

ચૂંટણી પંચ આગામી લોકસભા – વિધાનસભા ચૂંટણીઓની તૈયારીઓમાં જોતરાયું છે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી લક્ષી કામગીરી વેગવાન બનાવાઇ છે.

**ચૂંટણી પંચે રાજ્યના તમામ રાજકીય પક્ષો સાથે બેઠક યોજીને આદર્શ આચારસંહિતાના  કડક પાલન માટે માર્ગદર્શિકા આપી છે. ચૂંટણી સંબંધિત કોઈપણ ફરિયાદના નિવારણ માટે ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવ્યો છે. ચૂંટણી ખર્ચ પર નજર રાખવા અને નિયંત્રણ કરવા માટે રાજ્યભરમાં ફ્લાઈંગ સ્કવોડ પણ તૈનાત કરવામાં આવી છે. વધુને વધુ લોકો ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લે અને ખાસ કરીને યુવા મતદારો મોટી સંખ્યામાં મતદાન કરે તે માટે ચૂંટણી પંચ દ્વારા વ્યાપક જનજાગૃતિના કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે. ગીરના જંગલ જેવા અંતરિયાળ વિસ્તારો કે આલિયા બેટ, શિયાળ બેટ જેવા પાણીથી ઘેરાયેલા વિસ્તારોમાં પણ મતદારો માટે ખાસ મતદાન મથકો ઉભા કરવામાં આવી રહ્યા છે.**

**ગુજરાતની તમામ 26 લોકસભા બેઠકો માટે 7 મેના રોજ એક જ તબક્કામાં મતદાન થશે.  પાંચ વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણી પણ એ જ દિવસે યોજાશે.**

12મી એપ્રિલે ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવશે. ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ 19 એપ્રિલ છે. ઉમેદવારો 22મી એપ્રિલ સુધી ઉમેદવારીપત્ર પાછું ખેંચી શકશે. ચૂંટણીના પરિણામો ચોથી જૂને જાહેર થશે.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે રાજ્યમાં 50 હજાર 677 મતદાન મથકો પર મતદાન થશે. રાજ્યના 4 કરોડ 94 લાખ 49 હજારથી વધુ મતદારો તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરશે, જેમાં આશરે 10 હજાર 322 શતાબ્દી મતદારોનો સમાવેશ થાય છે. આ સામાન્ય ચૂંટણીમાં રાજ્યના લગભગ 11 લાખ 32 હજાર 880 યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી ભારતીએ જણાવ્યું હતું કે રાજ્યમાં 1 હજાર 274 મતદાન મથકો હશે જ્યાં સમગ્ર મતદાન સ્ટાફ મહિલાઓ હશે. તેવી જ રીતે 182 મતદાન મથકો પર દિવ્યાંગ લોકો દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે. તેમણે કહ્યું કે રાજ્યમાં 25 હજારથી વધુ મતદાન મથકો પર વેબ કાસ્ટિંગ કરવામાં આવશે.

---

-રીપીટ

# Passport seva Kendra –amdavaad

**ગુજરાતનું સૌથી મોટું પાસપોર્ટ સેવા કેન્દ્ર અમદાવાદ ખાતે શરૂ થશે.**

વિદેશ વિભાગ દ્વારા અમદાવાદમાં તપોવન સર્કલ સરદાર પટેલ રિંગ રોડ પર આવેલા અગોરા મોલમાં ગુજરાતનું સૌથી મોટું પાસપોર્ટ સેવા કેન્દ્ર બની રહ્યું છે, જેમાં રોજની 1 હજાર 500 અરજીની ક્ષમતા રહેશે.

અમદાવાદના રિઝયોનલ પાસપોર્ટ ઓફિસર અભિજીત શુક્લાએ જણાવ્યું કે 'ગુજરાતના અનેક જિલ્લાઓ કે અંતરિયાળ ગામોમાં પાસપોર્ટ સેવા કેન્દ્ર કાર્યરત નથી ત્યાં અરજદારોની પાસપોર્ટની અરજી સબમીટ કરવા 23 પોસ્ટ પાસપોર્ટ સેવા કેન્દ્ર કાર્યરત છે, જેમાં ડોક્યુમેન્ટનું વેરિફિકેશન થતું નથી. એક પાસપોર્ટ સેવા કેન્દ્ર-psk માં પ્રતિદિન 30 અરજીઓ સબમીટ થાય છે તે વધારી પીસીસી સહિત 50 કરી દેવામાં આવી છે. જ્યાં અરજદારો માટે એક જ કાઉન્ટરની વ્યવસ્થા છે. ત્યાં વધારાના કાઉન્ટર ઉપલબ્ધ કરાશે. હાલમાં ભુજ, પાટણ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, મહેસાણામાં આવેલા પાંચ પાસપોર્ટ સેવા કેન્દ્રમાં વધારાના કાઉન્ટ શરૂ કરી દેવાયા છે. આગામી સમયમાં ભુજ ખાતે મીની પાસપોર્ટ સેવા કેન્દ્ર બનાવવાનું પણ આયોજન છે,

ગાંધીનગર, હિંમતનગર, મહેસાણા, પાટણના લોકોને શહેરના સેવા કેન્દ્ર સુધી લાંબા નહીં થવું પડે, તેમજ અમદાવાદનાં 2 કેન્દ્ર વચ્ચે 3 કિ.મીનું અંતર હોવાથી મીઠાખળી સેન્ટર બંધ કરાશે.

---

-રીપીટ

# BHAVNAGAR Mhisagar Bharuch tragedy

રાજયના વિવિધ જીલ્લાઓમાં ડૂબી જવાની ઘટનાઓમાં પાંચ યુવાનોના મોત થયા છે.

ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના મણાર ગામે ત્રણ યુવાનોના ડુબી જતા મોત નિપજ્યાં છે. અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીના જણાવ્યા પ્રમાણે આ ત્રણેય યુવાનો ધુળેટી રમ્યા બાદ ચેક ડેમમાં નાહવા પડ્યા હતા. ફાયર વિભાગ દ્વારા ચેકડેમ માંથી મૃતદેહને બહાર કાઢી તળાજા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા.

વીરપુરના ખરોડ ગામના પીપળી તળાવમાં ડૂબી જતાં યુવકનું મોત થયું છે. મહિસાગરથી અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, ખરોડ ગામના તળાવમાં 14 વર્ષના યુવકનું તળાવમાં ન્હાવા જતાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. ગામ લોકો દ્વારા બે કલાકની જહેમત બાદ યુવકના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો.

ભરૂચના જંબુસરના વેડચ ગામેથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાં એક યુવક લાપતા બન્યો છે. ભરૂચથી અમારા પ્રતિનિધિ વાહિદ મશહદી જણાવે છે કે, બે યુવકો કેનાલમાં ન્હાવા પડેલાં જેમાંથી એક યુવાનને સ્થાનિકોએ ડૂબતાં બચાવી લીધો હતો અને અન્ય યુવાનની ભાળ મળી નહોતી. ડાભા ગામના 30 વર્ષીય યુવાનની ભાળ મેળવવા વેડચ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી.

.................

પીટીસી,મહિસાગર,ભરૂચ, ભાવનગર, મિત્તલ, સંસ્કૃતિ (પ્રવિણ)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# DHULETI

રાજયભરમાં હોળી – ધૂળેટી પર્વની ધાર્મિક આસ્થા હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઇ છે.

રાજયભરના મંદિરોમાં ફૂલદોલોત્સવ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. ડાકોર, દ્વારકા અને શામળાજી મંદિરોમાં ભક્તોનું ઘોડાપુર ઉમટયું હતું.

સાળંગપુર ધામ ખાતે એક લાખથી વધુ ભકતો રંગોત્સવમાં રંગાયા હતા. ભકતોએ ઢોલીના તાલે રાસની રમઝટ બોલાવી સંતોના સાનિધ્યમાં રંગોત્સવની ઉજવણી કરી હતી.

યાત્રાધામ ડાકોર ખાતે લાખો લોકોએ રણછોડરાયના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને રંગોત્સવમાં સહભાગી બન્યા હતા.

અમદાવાદના ઇસ્કોન મંદિર, કલ્યાણ પુષ્ટિ હવેલી સહિતના મંદિરોમાં હજારો કિલો ફુલોથી ફુલદોલોત્સવ ઉજવાયો હતો.

બીજી તરફ રાજયભરના યુવા-બાળકો સહિત નાગરિકોએ રંગોની છોલો વચ્ચે ધુળેટીની ઉજવણી કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કાર્યકરો સાથે ધુળેટીની ઉજવણી કરી હતી. રાજયભરની વિવિધ સોસાયટી, પાર્ટીપ્લોટો, કલબોમાં ધૂળેટીના વિશેષ આયોજનો કરાયા હતા. બાળકોએ પિચકારી અને રંગોથી ઉત્સાહભેર ઉજવણી કરી. તો અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા સહિતના શહેરોમાં યુવાધને ડીજે તાલે ડાન્સ કરીને ગરબા રમીને ધૂળેટીની ઉજવણી કરી હતી.

હોળીએ આદિવાસીઓનો મુખ્ય મહેવાર છે જે તેમની પરંપરા અને રીતિરીવાજોના લીધે જાણીતો બન્યો છે.

છોટા ઉદેપુર ખાતે આદિવાસી સમાજનો પરંપરાગત ચુલનો મેળો યોજાયો તો રાજપીપળામાં આદિવાસી સંસ્કૃતિ અને પરંપરા મુજબ ઘેરીયા લોકનૃત્યની રમઝટ જામી હતી.

ડાંગ જિલ્લામાં આદિવાસીઓનો મુખ્ય તહેવાર હોળી ધૂળેટીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. અમારા ડાંગ જિલ્લાના પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, ધુળેટીના દિવસે આદિવાસીઓએ ફાગ માંગવાની પ્રથા જાળવી રાખી હતી અને સવારથી જ સૌ એકબીજાને રંગ લગાવીને ધૂળેટી ની શુભકામના આપી હતી. ડાંગ જિલ્લાના વઘઇ ખાતે લોકોએ કૃષ્ણ ભગવાન સાથે રંગોત્સવ મનાવ્યો હતો.

---------------------------------------------------------------------

-પીટીસી, નિકીતા, સંસ્કૃતિ -(નવીન)

# Bhavnagar –kala spardha

ભાવનગરમાં સંસ્કાર ભારતી દ્વારા લોકગીત, ભજનો, શાસ્ત્રીય-સુગમગીતોની સ્પર્ધા યોજાશે ભાવનગરથી અમારાં પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, અખિલ ભારતીય કલાસંસ્થા સંસ્કાર ભારતીની ભાવનગર સમિતિની તાજેતરમાં મળેલી એક બેઠકમાં ભાવનગરમાં કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવાના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં કલા સાધકોની વિશિષ્ટ સાધનાઓને પ્રોત્સાહક બળ પૂરું પાડવા સંસ્કાર ભારતી ને ₹ 1,00,000નું અનુદાન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન આગામી દિવસોમાં કરવામાં આવશે. ભાવનગરના તમામ ક્ષેત્રના કલાકારોને સાથે લઈ સંસ્કાર ભારતીય દ્વારા આગામી દિવસોમાં મોટા પાયે યાત્રાઓ, સરઘસો કાઢી, મતદાન જાગૃતિ અભિયાન ચલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો આ અંગે ભાવનગરના સમસ્ત કલા જગતની એક બેઠક આજે સાંજે રઘુકુળ વિદ્યાધામ ખાતે યોજાશે. આગામી તા. ૯ એપ્રિલને ગુડી પડવાના પર્વે સવારે છ કલાકે શહેરના તખ્તેશ્વર મહાદેવ મંદિરના પરિસરમાં શ્રીરામ જીવનચરિત્ર આધારિત ભજનો, રામરાજ્યના વિવિધ પ્રસંગો આધારિત નૃત્ય, એક પાત્રીય અભિનય અને લઘુનાટિકાનું આયોજન કરવામાં આવ્યું છે. ચૈત્ર માસના ઉતરાર્ધ ભાગમાં એક લોકગીત સ્પર્ધા કોયલ બેઠી આંબાની ડાળ શીર્ષક હેઠળ યોજવામાં આવશે. જેમાં ભાવનગર જિલ્લાભરમાંથી બાળ લોકગાયકો યુવા લોકગાયકો અને તેમજ પ્રૌઢ,વૃદ્ધવયનાલોકગાયકો ભાગ લઈ શકશે

.................

પીટીસી, ભાવનગર,સુરેશ ત્રિવેદી,મિતલ,(પ્રવિણ)

# Amrut gaushala –amreli

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના હરસુરપુર દેવળીયા ખાતે અમૃત ગૌશાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

અમરેલી થી અમારાં પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે, મહાનુભાવોએ તકતીનું અનાવરણ કરી ધોળકિયા ફાઉન્ડેશન સંચાલિત અમૃત ગૌશાળાનું લોકાર્પણ કર્યું હતું અને  પણ વૃક્ષારોપણ કર્યું હતું.

તેમણે ગૌશાળાની મુલાકાત લઈ ગૌવંશને ખોળગોળના લાડુ ખવડાવ્યા હતા તથા ગૌવંશની માવજત હેતુની દાણખાધ તેમજ પાણી વગેરે વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યુ હતું.

ઉલ્લેખનીય છે કે , અમૃત ગૌશાળા ખાતે આશરે ૩૦૦ જેટલા નાના-મોટા ગૌવંશ આશ્રય મેળવી રહ્યા છે.

.................

પીટીસી, અમરેલી,  હરેશ ટાંક,મિતલ,(પ્રવિણ)

# Diu

દીવના ઘોઘલા ખાતે આજે શ્રી સમસ્ત જનરલ ખારવા સમાજ ચાચરના ચોરામાથી નવા પટેલ તથા નવા કોટવાલની નિમણૂક કરવામાં આવી હતી .

દીવથી અમારા પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે કે ,દીવ ખાતે દર વર્ષેની જેમ આ વર્ષે પણ ધુળેટીના દિવસે શ્રી સમસ્ત જનરલ ખારવા જ્ઞાતિ ઘોઘલાના પટેલ તથા કોટવાલની નિમણૂક કરવામાં આવી, ઘોઘલામાં સાત ચોરા આવેલા છે જેમાંથી દર વર્ષે એક એક ચોરા નો પટેલ બનવા નો વારો હોય છે આ વર્ષે ચાચરના ચોરાનો વારો હોવાથી આજે સવારે બેઠકનું આયોજન થયું જેમાં સર્વાનુમતે શ્રી સમસ્ત જનરલ ખારવા સમાજ ના નવા પટેલ તરીકે ભરત ભાઈ લક્ષ્મણની તથા નવા કોટવાલ તરીકે લાલજી જેરાજની નિમણૂક કરવામાં આવી હતી

.................

પીટીસી, દીવ,ભારતી રાવલ ,મિતલ ,(પ્રવિણ)

# Degree Engineering Online

ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની ઓનલાઇન નોંધણી પ્રક્રિયાનો બીજી એપ્રિલથી પ્રારંભ થશે.

ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા ને કે જૂનમાં શરૂ કરાતી  હોય છે. પરંતુ આ વર્ષે એપ્રિલમાં જ નોંધણી પ્રક્રિયા શરૂ કરાશે. જે મુજબ ગુજકેટ પુરી થયાના એક દિવસ બાદ એટલે કે,  બીજી એપ્રિલથી ઓનલાઇન નોંધણી શરૂ થશે. જે 15 મે સુધી ચાલશે 13 જુને પ્રથમ રાઉન્ડની બેઠક ફાળવણી થશે. 20મી જૂનથી શૈક્ષણિક સત્ર શરૂ થશે.

---

-યાદી, નિકીતા -(નવીન)

# MockDrill

રાજ્યમાં દરિયાઈ સુરક્ષાને ધ્યાનમાં રાખી વર્ષમાં બે વખત `સ્મોલર ડિસ્ટ્રીક્ટ લેવલ કોસ્ટલ મોકડ્રીલ'નું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત કચ્છમાં પોલીસ અધીક્ષક મહેન્દ્ર બગડિયાની સૂચનાથી જિલ્લામાં કાર્યરત કેન્દ્ર તથા રાજ્યની સુરક્ષા એજન્સીઓ સાથે સંકલનમાં એક મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મોકડ્રીલમાં કચ્છના જખૌના દરિયાઈ વિસ્તારમાંથી આતંકવાદીઓ ઘૂસી આવ્યાની બાતમીના પગલે સુરક્ષા એજન્સીઓએ આતંકવાદીઓને પકડી તેઓના હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો. રેડફોર્સના ડમી આતંકવાદીઓ દ્વારા આ મોકડ્રીલને સફળતાપૂર્વક પાર પડાઈ હતી.

---

-પીટીસી, કચ્છ, સંસ્કૃતિ -(નવીન)